
તમારા ફૂડ વેસ્ટને રિસાયકલ કરવાની કારણો

જ્યારે રિસાયકલ કરવામાં આવે છે, ત્યારે તમારો ફૂડ વેસ્ટ ઉપયોગી વસ્તુમાં બદલાઈ શકે છે. ફૂડ વેસ્ટ સ્થાનિક એનએરોબિક ડાઈજેશન સુવિધામાં લઈ જવાય છે, જ્યાં તેનો ઉપયોગ કુદરતી ઊર્જા સ્વરૂપો, જેમ કે બાયોગેસ, ઉત્પન્ન કરવા માટે થાય છે, જે અશ્મિભૂત ઇંધણો માટે ઉત્તમ વિકલ્પ છે અને ખેતીમાં ઉપયોગ માટેનું ખાતર/માટી સંશોધક છે.

- ✓ જો તમે તમારો ફૂડ વેસ્ટ રિસાયકલ કરો તો તમારી કચરાની ટોપલી વધુ સ્વચ્છ અને ઓછી ભરેલી રહેશે.
- ✓ તમારી રિસાયક્લિંગ સેવામાં આ ઉમેરો તમને તમારા વધુ કચરાને રિસાયકલ કરવાની તક આપે છે.
- ✓ તમારું એકત્રીકરણ સરળ અને અનુકૂળ રહેશે.



શ્રેષ્ઠ સલાહ

ખોરાકનો ઓછો બગાડ કરવા માટેની અને પૈસા બચાવવા માટેની ટીપ્સ અને રેસીપીઓ માટે lovefoodhatewaste.com ની મુલાકાત લો.




શું તમે જાણો છો?

ઘરેલું કમ્પોસ્ટિંગ તમારા બગીચા માટે ફળો અને શાકભાજીના કચરાને પુનઃઉપયોગ કરવાની એક ઉત્તમ રીત છે. ન્યુહેમ રહેવાસીઓને સબસિડીવાળું કમ્પોસ્ટ બિન આપે છે. વધુ માહિતી માટે newham.gov.uk/composting ની મુલાકાત લો.

આ માહિતીના અનુવાદિત સંસ્કરણ માટે QR કોડ સ્કેન કરો:

Traducere gratuită
Tradução gratuita
મફત અનુવાદ
विनामूल्ये अनुवाद
مفت ترجمہ



Funded by UK Government

Newham London

ફૂડ વેસ્ટ રિસાયકલિંગ કલેક્શન

ટૂંક સમયમાં આવી રહ્યું છે



તબક્કો 2 - સ્ટ્રીટ લેવલ પ્રોપર્ટીઝ

તમારી નવી ફૂડ વેસ્ટ રિસાયકલ કલેક્શન સેવા

યુકે સરકારના નવા કાયદાના અમલ બાદ અમે નવી સાપ્તાહિક ફૂડ વેસ્ટ રિસાયકલ કલેક્શન સેવા શરૂ કરીશું.

નવેમ્બરમાં અમે સફળતાપૂર્વક બોરો (નગર) ના 10% વિસ્તારમાં ફૂડ વેસ્ટ રિસાયક્લિંગની શરૂઆત કરી હતી અને હવે તમારા પડોશીઓ સાથે જોડાવાનો તમારો વારો છે!

તમારા ફૂડ વેસ્ટનું ભવિષ્ય છે. તમે અમને જે ફૂડ વેસ્ટ મોકલશો તેને નવીનીકરણીય ઊર્જા અને ખાતરમાં ફેરવવામાં આવશે. તમારો ફાળો આપીને તમે કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં, પૈસા બચાવવામાં અને આબોહવાની કટોકટીનો સામનો કરવામાં મદદ કરશો.

સેવાનો પ્રારંભ

નવી સેવા પાનખરમાં શરૂ થશે અને જેવી તમે તમારી ફૂડ વેસ્ટ ટોપલી પ્રાપ્ત કરો કે તરત જ તમે સેવાનો ઉપયોગ કરવાનું શરૂ કરી શકો છો. અમે દર અઠવાડિયે તમારો ફૂડ વેસ્ટ એકત્રિત કરીશું.

અમે શું પ્રદાન કરીશું:

તમારા ફૂડ વેસ્ટને સરળતાથી રિસાયકલ કરવામાં મદદ કરવા માટે, અમે તમને નીચેની વસ્તુઓ મફતમાં પ્રદાન કરીશું:



5-લિટર રસોડાની ટોપલી



લાઇનર્સનો એક પરિચયાત્મક રોલ




23-લિટરની આઉટડોર લૉક કરી શકાય તેવી કચરા ટોપલી



સૂચના પત્રિકા

હું શું રિસાયકલ કરી શકીશ?

તમે તમારા તમામ ફૂડ વેસ્ટને રિસાયકલ કરી શકો છો, જેમાં નીચેનાનો સમાવેશ થાય છે:



* અહીં સમાવિષ્ટ કેટલીક વસ્તુઓમાંથી તમારા બગીચા માટે ખાતર પણ બનાવી શકાય છે.
વધુ માહિતી માટે newham.gov.uk/composting ની મુલાકાત લો.

આ સામગ્રીમાંથી કોઈપણ તમારી ટોપલી અથવા ફૂડ વેસ્ટ રિસાયક્લિંગ બિનમાં કૃપા કરીને મૂકશો નહીં.



✖ કોઈપણ પ્રકારના પેકેજિંગ

✖ દૂધ જેવાં પ્રવાહી

✖ તેલ અથવા પ્રવાહી ચરબી

✖ કોઈપણ સામગ્રી જે ફૂડ વેસ્ટ નથી

✖ કાળી કચરાની થેલીઓ